# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નિર્દોષ, ભૂખ્યાં, ગરીબ મૃત્યુ રાષ્ટ્રીય સોગ બને છે,
ઘટે કોઇ ઘટના, 'નિવેદનો' હવે રોગ બને છે
જોગ-સંજોગે તૂટે છે ડાળ કાગડો બેસતાં પ્હેલાં -
માનનીય બેદરકારીનો ભૂલકાં ભોગ બને છે..

## હાઈકુ

ઘર નાં ઘર,
કરી ગઇ છે 'ઘર' -
સસ્તી પ્રસિદ્ધિ!
(છેતરામણી જાહેરાતો)

અટકી મેટ્રો
નાણા સિગ્નલ વિના -
સ્ટેશન બ્હાર!
(પ્રચાર પાટેથી ખડી પડી)

## ચિંતન

**ભિક્ષાશનં તદપિ નિરસ મેકવારં શય્યા ચ ભૂ: પરિજનો નિજ દેહ માત્રમ્ ।**
**વસ્ત્રં સુજીર્ણ શતશંડમયી ચ કંથા હા હા તથાપિ વિષયાન્ન જહાતિ ચેતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'તૃષ્ણા' ની નિંદા નામના અધ્યાયનો આ શ્લોક છે:

'એક ભીખ માગતાં હોઇએ એમ સમય-કસમયે ભોજન મળે તે પણ નિરસ - રસ-સ્વાદ વિનાનું, અને એ પણ દિવસમાં એકવાર. વળી પૃથ્વી એ જ પથારી છે અને કુંટીબીજન-વડીલ સંબંધ તરીકે તો હવે માત્ર દેહ-શરીર જ રહ્યું છે અને અત્યંત જીર્ણ અને અનેક થીંગડાવાળી શાલ ગોદડી જ એ એક માત્ર શરીર ઢાંકવાનું વસ્ત્ર-સાધન છે આવી બૂરી હાલત હોવા છતાં ચિત્ત માયા-મમમતા વાસના કે તૃષ્ણા નો ત્યાગ કરતું નથી...'

વૃદ્ધાવસ્થા અને તેમાંય પરાધીનપણું એ જીવનનનો કપરો કાળ છે. જીવનની પરાકાષ્ઠા પર જે શાન-શૌક્ત-માન-ગૌરવ-સ્થાન પૂજ્યભાવ પામ્યા હોઇએ એ પાછલી અવસ્થામાં જયારે બધી રીતે અપંગ અને પરાધીન થઇ જઇએ ત્યારે ખૂબ જ દુખદ અને આઘાતજનક પરિસ્થિતિ ભોગવવી પડે છે.

આવી, ભિક્ષુક જેવી, કોઇ ખાવા-પીવાના સમય ન સચવાય, જેવું-તેવું, જયારે-ત્યારે જે મળે તે સ્વીકારી લેવું પડે 'વડીલ' માત્ર નામના - શરીરથી જ રહ્યા હોઇએ છતાંય જીજીવિષા ને કારણે જીવાતું હોય છે બાકી જીવવા જેવું જીવન રહેતું નથી.

## સુવિચાર

- સત્વ, ગુણ, રજોગુણ, અને તમોગુણ ત્રણેય હાલના સંજોગોમાં અસરકારક છે. માર્ગદર્શન માટે સત્વગુણ, ગતિને માટે રજો ગુણ અને શાંતિ અને વ્યવસ્થા માટે તણો ગુણ આવશ્યક છે **- સંત તિરૂવલ્લુવર**
- જીવનનું સત્વ તો પારસ્પરિક સંબંધોમાં છે અને તે વળી એવા સંબંધો હોય કે પ્રત્યેક સંબંધમાં બિન શરતી સ્વતંત્રતાની ખુશ્બુ સદા મહેકતી હોય **- સંત રોબિન**
- સંયમ સમજની સાથે જાય છે, અને એમાં કલેશ થતો નથી, દમનમાં કલેશ છે કારણ કે અંદરથી એ જોઇએ છે અને બહારથી તમે એને રોકી રહ્યાં છો **- ઝેન કથન**
- અધ્યાત્મથી માણસ પથ્થર બનતો નથી, ઉલ્ટાનું એની સંવેદનશીલતા વધારે તીવ્ર, તરલ અને તત્પર બને છે એને પણ અનુકૂળ અને પ્રતિકુળ સમજાય છે પણ એમાંથી એ પ્રિયતા અને અપ્રિયતા ઊભી કરતો નથી **- ધનવન્તરિ**
- સૂર્યના કિરણોમાં જેટલી શક્તિ છે એટલી જ અથવા એનાથી વધારે શક્તિ શુદ્ધ શબ્દ, શુદ્ધ નાદમાં અને શુદ્ધ સ્વરમાં છે **- ધર્મ સ્મૃતિ**
- વેર ભાવ, ઇર્ષ્યા, ક્રોધ, ક્રૂરતા જેવી ભાવનાઓમાં રાચતી હોય એ ખરેખર માનવતાને લાગેલુ કેન્સર છે **- ડોંગરેજી મહારાજ**
- ગુણવાન હોવું એ જગતને વશ કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે **- ચેખોવ**

## બોધ કથા

જૂના સમયમાં પુરૂષો ધંધાર્થે કેટલું ય પગપાળા ચાલતા એક-ગામથી બીજે ગામ પગે જતાં જયારે સ્ત્રીઓ નદી કાંઠે કપડાં ધોવા, પાદરે કૂવે પાણી ભરવા, ઘંટી દળતી, સાફ-સફાઇ-રસોઇનો ખરી જ - આજે પુરૂષ વાહન વિના પગ નથી મૂકતો અને સ્ત્રીઓ 'રામા'ની ગુલામ થઇ ગઇ છે પછી સર્વ રોગના કેન્દ્ર બની દવા-ગોળી અને 'ચાલવા' નીકળે!! એના કરતાં ઘરમાં કામ કર્યાં હોત તો?

ગ્રીક ફિલસૂફ ડાયોજેનિસનો સેવક તેમની સેવામાંથી નાશી ગયો - તે સમયના કાયદા મુજબ જો ફરિયાદ કરવામાં આવે તો પોલીસ તેને શોધીને - પકડીને ફરી તેને સેવામાં હાજર કરી શકે..

ડાયોજિનસ પછી જાતે જ પોતાનું સઘળું કામ કરવા લાગ્યા. એક અનુયાયી ભક્તે કહ્યું તમે સેવક પર કાયદેસર કેમ નથી કરતા? ફરિયાદ કરો, અને એને જયાં હોય ત્યાંથી બોલાવી લ્યો!

ડાયોજિનસ કહે - એવું કરી મારે તેના ફરી 'ગુલામ' નથી બનવું. હું મારૂં કામ જાતે કરી શકું એટલી સ્વતંત્રતા તો મને ભોગવવા દો!

Email - sureshchandrabhatt18@gmail.com

# બારી બહાર નજર કરતાં સમુદ્રની વચ્ચે હરિયાળા દ્વિપો દેખાવા લાગ્યા હતા, તેની પગદંડી અને હરિયાળી જોઇને અને સર્પાકાર ખાડીનું દૃશ્ય જોતાં મનભાવન લાગતું હતું, નીચે પોર્ટ બ્લેર દેખાવા લાગ્યું




સવારનું ખુશનુમા વાતાવરણ હતુ. સૌના ચહેરા પર તાજગી વર્તાતી હતી. ઘણા બધા પ્રવાસીઓ એવાં હતાં કે તેમના માટે આ હવાઈ યાત્રાનો અનુભવ પહેલો જ થવાનો હતો. તેનો રોમાંચ અને ઉત્સાહ ચહેરા પર ખુશી બનીને છલકતો હતો.

ભવ્ય અને વિશાળ કામરાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેની સુંદરતા અને સ્વચ્છતાથી આંખને આંજી નાખે તેવું અદ્‌ભૂત લાગતું હતું. સામાન સાથે ટ્રોલીઓને ધકેલતાં સૌ સિક્યુરીટીની તપાસ માટે આગળ વધ્યાં અહીં જુદી જુદી એરલાઈન્સોનાં અલગ અલગ કાઉન્ટરો હતા. એર ઈન્ડિયા, જેટ એરલાઈન્સ, સ્પાઈ જેટ, કિંગ ફિશર વિ. અમારે સૌને એર ઈન્ડિયાની ફલાઈટમાં જવાનું હતું. તેથી તેના સિક્યુરીટીના કાઉન્ટર તરફ પ્રયાણ કર્યું. સિક્યુરીટી ચેકીંગ માટે લાંબી લાઈન હતી. પણ સૌ શાંતિથી નિરાંતે લાઈનમાં ઊભેલાં હતા. સામે એક મશીન દેખાતું હતું. સામાનમાં મોટી બેગો પેસેન્જરો ત્યાં સામે એટલે એ મશીનમાંથી પસાર કરવામાં આવતી હતી. અને તેને પ્લાસ્ટીક બેલ્ટથી પેક કરી એર ઈન્ડિયાની સ્લીપ લગાવી પરત અપાતી હતી. હાથમાં રહેલ પાઉચ કે નાની નાની બેગોને પણ ટેગ લગાવી પેસેન્જરો આગલ વધતાં હતા.



આ રીતે સામાનનું ચેકીંગ થઇ ગયા પછી બોડીંગ ટીકીત લેવા માટે બીજા કાઉન્ટર તરફ સૌ વળ્યાં ત્યાં મોટી ભારે બેગો એર ઈન્ડિયાના સ્ટાફના હવાલે કરી જે એક બેલ્ટ પરથી પસાર થઈ અંદરના ભાગે જતી હતી. તેથી સામાન ઉંચકવામાંથી હવે સૌ હળવાં થઇ ગયાં હતા.

સમય પસાર થઈ રહ્યો હતો. બોડીંગ ટિકીટ મળ્યા બાદ દરેકને પોતાની સીક્યુરીટી તપાસ માટે જવાનું હતું. તે તરફ ચાલવા લાગ્યાં. ત્યાં પણ લાંબી કતાર હતી. અહીં સ્ત્રીઓ અને પુરૂષો માટે અલગ અલગ લાઈનમાં ઊભા રહેવાનું હતું. દરેકનો વારો આવે તે મુજબ સિક્યોરીટી ચેકીંગમાંથી સૌ પસાર થતા હતા. નાની બેગ અને મોબાઈલ વિગેરે અલગ મુકાવી ચેકીંગ થતું હતું.



સિક્યોરીટી ચેકીંગમાંથી પસાર થઈ હું બહાર આવી મીનાને શોધતો હતો. ત્યાં જે દૃશ્ય જોયું તે કલ્પના બહારનું હતું. મીના અને માનસીની વચ્ચે એક જમાનાની સ્વપ્ન સુંદરી જાજલ્યમાન અભિનેત્રી હેમા માલિનીને ઉભેલ જોઇ. એક પળ માટે તો આંખો પર વિશ્વાસ નહોતી કરી શકતી કે જે દૃશ્ય દેખાય છે તે ખરેખર સાચું છે. પવનની લહેરખીથી પારિજાતનાં પુષ્પો ખરી પડે તેવું મધુર સ્મિત વેરતી હેમામાલિની તરફ હજુ જયાં નજર પડી ત્યાં મેં જોયું કે માનસીનો ભાઈ નિલય તેના ફોટા પાડતો હતો. હું નજીકમાં પહોંચ્યો ત્યાં તે ઝડપભેર પોતાના ગંતવ્ય સ્થાન તરફ સ્મિત વેરતી આગળ વધી ગઈ. મીના અને માનસીના ચહેરા પર હેમામાલિનીન ને મળ્યાની ખુશી છલકતી મેં જોઇ.

'અંકલ અમે હેમામાલિનીને મળ્યા. તેની સાથે વાતો પણ કરી અને ફોટા પર ખેંચાવ્યા.' માનસીએ કહ્યું.

'હા, એ બધું મેં દૂરથી જોયું. પણ હેમામાલિનીની અહીં કયાંથી?'

'તેને મુંબઈ જવાનું હતું. વી.આઈ.પી. માટેનાં રસ્તેથી તે અહીં આવ્યા ત્યારે અમારૂં ચેકીંગ ચાલતું હતું. તે ગાંધીનગર કલ્ચરલ ફોરમનાં પ્રોગ્રામમાં ડાન્સ માટે આવેલ તેનો સંદર્ભ આપી અમે શરૂઆત કરી એટલે ખુશ થઈ ગયા. પછી તો શોલેથી લઈને બાગબાનની તેમની ભૂમિકાની પણ વાતો કરી. 'મુઝે ગુજરાત ઔર ગુજરાતી લોગ બહુત પ્યારે લગતે હૈ'' એમ કહેતાં અમે તેની સાથે ફોટો ખેંચાવવાનો પ્રસ્તાવ મુક્યો જે તેણે સહર્ષ સ્વીકારી લીધો. બહુ મજા પડી ગઈ. મીનાએ પણ ખુબ ઉત્સાહથી આ વાત કરી ત્યારે જેઓ પાછળ રહી ગયા હતા. તેમને અફસોસ તયો. પોતાની આગવી હેર સ્ટાઈલમાં સજજ હેમાનો ઠસ્સો હજુ આજે પણ એવો જ હતો. તેની સુંદરતા અને શાલીનતા તેના આકર્ષણને ચારચાંદ લગાવતી હતી. તેણે ક્રીમ કલરની સાડી પહેરી હતી અને મેકઅપ વિના પણ સ્વપ્ન સુંદરી જ લાગતી હતી. એ દૃશ્યને આંખોમાં સમાવી સૌ આગળ વધ્યા. મને હેમાની ફિલ્મનું ગીત યાદ આવી ગયું.

કીસી ઝીલ કા કમલ ડ્રીમ ગર્લ,
કીશી શાયર કી ગઝલ ડ્રીમ ગર્લ,
કભી તો મીલેગી કહીં તો મીલેગી,
આજ નહીં તો કલ... ડ્રીમ ગર્લ...

ચેકીંગ પતી ગયા પછી એર પોર્ટ પરની શોપમાં જુદી જુદી વસ્તુઓ ખરીદવા અને જોવા સૌ આમ તેમ ફરવા લાગ્યાં. અમુક જણે ખુરશીઓ પર બેસી આરામ કરવાનું પસંદ કર્યું. ત્યાં આજના અંગ્રેજી અખબારો અને અમુક મેગેઝીનો પણ મુકેલા હતા. તેના પર હું નજર ફેરવતો હતો ત્યાં જાણ કરવામાં આવી કે પ્લેટનમાં જવાનો સમય થઈ ગયો છે. પ્લેનમાં બેસવા માટે સૌ આગળ વધ્યાં દૂર હવાઈપટ્ટી પર એર ઈન્ડિયાનું વિમાન દેખાતું હતું. ત્યાં જવા માટેની બસ આવીને ઊભી રહી એટલે સૌ એક પછી એક બસમાં ગોઠવાયા. અહીં શોપીંગ દરમિયાન મીનાને સરોજબેનનો પરિચય થયો. તેમની દીકરી રીયા બહુ વ્હાલી લાગી જાય તેવી હતી. તે હસી હસીને સૌ સાથે એ રીતે વાતો કરવા લાગી હતી કે જાણે વર્ષોનાં પરિચય હોય. તે પતંગિયાની માફક આમથી તેમ ઉડતી ઘડીક અમારી પાસે તો ઘડીક તેનાં મમ્મી, દાદા અને ફોઈ રંજન પાસે ભાંગભાગ કરતી હતી. તેના દાદી કૈલાસબા એ તેને હાથ પકડી માંડ માંડ લાઇનમાં ઊભી રાખી અમે સૌ બસમાંથી ઉતરી પ્લેટનમાં જવા માટે તેની સીડી ચડવા લાગ્યા. સીડી ચડીને પ્લેનમાં પ્રવેશતાં જ હવાઈ સુંદરી ખુબ જ વિવેક એ સ્મિત સાથે સૌને નમસ્તે કરી ને આવકારતી હતી. બધાંને એ ખુબ ગમ્યું. પ્લેન અંદરથી ઘણું મોટું અને સુવિધાપૂર્ણ પણ લાગતું હતું. સૌએ પોતપોતાના નંબર મુજબ સ્થાન ગ્રહણ કરવા માંડ્યું. જેમની સીટ બારી પાસે હતી એ સૌ ખુશખુશાલ હતા. પણ જેને બારી પાસે સ્થાન મળ્યું ન હતું તે દ્વિધામાં હતા. અને કંઈક મીઠી મુંઝવણ પણ હતી કે આપણે વિમાની ઉડ્ડયન દરમિયાન આકાશના અદ્‌ભૂત દૃશ્યો જોયાનું ચુકી જઈશું.

પેસેન્જરોએ પોતપોતાનું સ્થાન લઈ લીધું એટલે વિમાનમાં વચ્ચેના પાથ પર આવી એર હોસ્ટેસોએ સૌનું સ્વાગત કર્યું અને જરૂરી સુચનાઓ આપવા માંડી. દરેકને સીટ બેલ્ટ બાંધવાનો હતો. સીટ બેલ્ટ કઈ રીતે બાંધવાનો છે તેની સમજુતી વિગતવાર અપાઈ તે પછી આકસ્મિક સંજોગોમાં પહેરવા માટેની સિક્યોરીટી કીટનું પણ નિદર્શન કરવામાં આવ્યું અને એવી પણ સુચના અપાઈ કે આ કીટ દરેકની સીટ નીચે મુકવામાં આવી છે.

તે પછી પ્લેન ધીરે ધીરે હવાઈ પટ્ટી પર સરકરવા લાગ્યું. તેની ગતિ વધે ત્યારે અવાજ થાય તેને ધ્યાને લઈ રૂના પુમડાં સૌને અપાયાં હતા. તે સૌ કાનમાં ભરાવવા લાગ્યાં. વિમાનની ગતિ વધી અને અવાજ પણ તે સાથે જ પ્લેન જમીન પરથી ઊંચકાયું તેનો સહેજ છતાં રોમાંચક અનુભવ લેતાં હવે સૌની નજર બારીઓની બહાર મંડાવા લાગી. જે લોકો અગાઉ હવાઈ સફર કરી ચૂક્યા હતા. તેઓ સીટની પાછળ મુકેલ મેગેઝીન કે ન્યુઝ પેપર કાઢી જોતા હતા. પણ જે લોકો પહેલીવાર વિમાનમાં બેઠાં હતા. તેમનો ઉત્સાહ માતો નહોતો. વિમાન ઊંચે જતાં ચેન્નાઈ શહેર નીચે દેખાતું હતું. નાના નાના રમકડાં જેવા મકાનો અને લીટીઓ જેવી સડકો દેખાતી હતી. છાલકો મારતો દરિયો દેખાતો આકાશમાંથી શહેરનું રંગબેરંગી દૃશ્ય જોઈને સૌને મજા પડતી હતી. વિમાન તેની ગતિ સાથે હવે ઊંચે જવા લાગતાં વાદળનાં અવનવાં દૃશ્યો નજર સામે તરતવા લાગ્યાં હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મરણિયા બનવું એટલે મોતને ભેટવું નહીં, પરંતુ મરણની પણ લેશમાત્ર પરવા કર્યા વગર, મોટું જોખમ વહોરીને, બેફિકરા થઇ, ધ્યેય પ્રાપ્તિ માટે અડગ આત્મવિશ્વાસથી સિદ્ધિની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ઝઝૂમવું તેનું જ નામ 'મરણિયો પ્રયાસ'...

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### નિબંધ સેતુ : "મરણિયો સફળતાને વરે છે"

- મૂળજી પરમાર 'દધિ'

જીવનના કોઈ પણ ક્ષેત્રે લડાઈ લડવી એ તદ્દન સામાન્ય બાબત છે અને તે કોઈ પણ - ગમે તે લડી શકે છે. પરંતુ ઝળઝળતી જીત માટે એટલે કે જો સિદ્ધિ માટેની ખરેખરી લડાઈ લડવી હોય તો, મરણિયા બન્યા વિના જીત કે સિદ્ધિ બિલકુલ સંભવિત નથી. મરણિયા બનવું એટલે મોતને ભેટવું નહીં, પરંતુ મરણની પણ લેશમાત્ર પરવા કર્યા વગર, મોટું જોખમ વહોરીને, બેફિકરા થઈ, ધ્યેય પ્રાપ્તિ માટે અડગ આત્મવિશ્વાસથી સિદ્ધિની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ઝઝૂમવું તેનું જ નામ 'મરણિયો પ્રયાસ'... ફતેહ માટે ફનાગીરીની તૈયારી! સફળતાનાં ઝળઝળતાં અવ્વલ શિખરો સર કરવા માટે એક વખત કદમ ઉઠઆવી પ્રયાણ આદર્યા બાદ, પાછા વળીને જોવું એટલે આત્મવિશ્વાસનો અભાવ... અને પારોઠનાં લગલાં! કોઈ પણ જંગમાં - કાર્યમાં જીત એટલે કે સિદ્ધિ જેવી મોટી - મહાન ચીજ મેળવવી હોય તો, એ તદ્દન સસ્તામાં મળી જાય નહીં, એ ખૂબ જ સામાન્ય - સ્વાભાવિક બાબત છે! સિદ્ધિ માટે તો મોટામાં મોટી અને ઊંચામાં ઊંચી કિંમત ચૂકવવાની તૈયારી રાખવી પડે અને કદાચ ચૂકવવી પણ પડે અને મોટામાં મોટું જોખમ પણ વહોરવું પડે! અને એ પણ એક હકીકત છે કે, ''જીવન''થી મોટામાં મોટી કે ઊંચામાં ઊંચી કોઈની હિંમત નથી તથા મૃત્યુથી મોટું કોઈ પણ જોખમ નથી કે કોઈ ભય પણ નથી. આથી જો '''' એટલે કે જે થવું હોય તે થાય, એવી માનસિક તૈયારી સાથેનો (આંધળો નહિ), ધ્યેય સિદ્ધિ માટેનો મરણિયો પ્રયાસ કે પરિશ્રમ કરવામાં આવે તો, લક્ષ્યસિદ્ધિ તરફની અણનમ આગેકૂચમાં આવતી તમામ રૂકાવટોને તે હઠાવી દે છે અને સિદ્ધિનો ઉચ્ચ સિંહાસને બેસાડે છે. એમાં બેમત નથી. આમ ફનાગીરી વિના કયાંક પણ ફતેહ નથી - મરણિયો જ સફળતાને વરે છે!

### કાવ્ય સેતુ

**ગાજે ઘન ઘોર - નાચે છે મોર.**

ઝબકે છે વીજળી 'ને ગાજે ઘનઘોર,
મારા મનડામાં મન મૂકી નાચે મોર;
ઊઠે તરંગ રંગ અંગ ભંગ ઢેલડીની,
આંખોમાં આંજીને મલકાતો મોર. ... ઝબકે છે વીજળી...
ઠમકે છે ઠમ ઠમ, ધમકે છે ધમ ધમ;
છમકે છે છમ છમ નિયતિ નૂપુર.
છલકે છે છગ છગ, મહેંકે છે મઘ મઘ;
ઝળખે છે ઝગ ઝગ નિયતિનાં નૂર.
સરરર સર છે સુસવાટો થાતો
'ને પંખીડાં કરે કલશોર... ઝબકે છે વીજળી...
દમકે છે દમ દમ, ટમકે છે ટમ ટમ;
પલકે છે પલ પલ પિયુ સ્વરૂપ.
થડડડ થડ છે થડકારો થાતો 'ને
ભીંતર ભીંજવતો છે ચિત્તાના ચોર. ... ઝબકે છે વીજળી...
ખીલે છે ખિલખિલ, બાગે કુસુમ દિલ;
હસે છે જીવ શિવ, અવનિ અંબર સજીવ.
હળવેથી હળ ધર, સજાવે ઘર ઘર;
પલળેટી પળ પળ, વધારે નાર નર.
કુઉ કુઉ કૂ કૂ કોયલડી ટહુકી
'ને પર્યાવરણ બન્યું ભાવવિભોર... ઝબકે છે વીજળી...

- બાબુદાન ગઢવી 'બાગ'

**લાસ વેગાસ**

શહેર આખું વીજલીનો ગોળો
રાતે ન ઝગે એટલો દિવસે ઝગે
લાલ, લીલા, પીળા, વાદળી
કિરણો ઓક્યા કરે,
રાતદિવસ ઉર્જા ખરચ્યા કરે,
ગગનચૂંબી હોટેલો, નિતનવા
શણગારે સજયા કરે
માનવ મહેરામણ ઊમટ્યા કરે.
રંગીલા, વ્યસની, લોભી -
કે કોઈ
પ્રવાસી, કુતૂહલતાભર્યા અને જિજ્ઞાસુ
ફસ્યા કરે.
લક્ષ્મીનો બિભત્સ લિબાસ
લાખો કેનિસોનો વાસ
લાસ વેગાસ

- મહેન્દ્ર ઉ. પુરોહિત

**સમજો હવે**

ઋતુ વસંત આવી હવે
યાદ આપની સતાવે હવે
રાત્રે નિંદર નાસી જાય હવે
સ્વપ્નમાં ન સતાવો મને હવે
વહેલાં તમે ઘેર આવો હવે
લગ્ન જીવન નિભાવો હવે
રાહ જોઈ જોઈ થાક્યો હવે
શાણા થઈ સાનમાં સમજો હવે

- ઈશ્વરલાલ દેવશંકર જોષી

### હાસ્ય તરંગ સેતુ

દાંત કાઢવાથી બોખા ન થવાય

● વિદ્યાર્થી : શું મહિલાઓને દાઢી હોય?
શિક્ષક : હા, પણ દાઢી પર વાળ ન હોય!

● કનુ : કયા શબ્દનો ઉચ્ચાર આપણે ખોટો કરીએ છીએ?
મનુ : 'ખોટો' શબ્દનો.

● રામ : ઘડિયાળનો મોટો કાંટો નાના કાંટાને શું કહે છે?
શ્યામ : હું એક કલાકમાં પાછો આવું છું.

# પ્રાર્થનામાં જો પરિશ્રમ અને પુરૂષાર્થ ભળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય

## આકાશની ધરતીને પ્રાર્થનાનો સ્પર્શ...

## ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

સાચા હૃદયની પ્રાર્થના સ્પંદનો સર્જે છે. એની ઊંચાઇ આંબી ન શકાય એવી હોય છે. મનપ્રદેશમાં જન્મ લેતો પ્રત્યેક વિચાર પ્રાર્થના બની શકે છે. જેમ કે ભારતની ઉર્વધા ધરતીના ઋષિનાં મુખમાંથી વહેતી શબ્દધારા -સર્વેડ્પિ સુખિનઃ સન્તુ... એક ઉત્કૃષ્ટ પ્રાર્થના બની ગઇ. વેદોનાં સર્જકે ઋગ્વેદમાં શબ્દો ટાંક્યા - 'આ નો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્યતઃ' (ઋ, ૧:૮૯:૧) 'અમને કલ્યાણકારી કર્મ સર્વ દિશાએથી પ્રાપ્ત થતાં રહો...' અને એ મંત્ર વિશ્વપ્રાર્થના સમો બની રહ્યો...

પોતાના સુખ-કલ્યાણ માટે થતી પ્રાર્થના કરતાં અન્યોનાં કલ્યાણ માટે થતી પ્રાર્થનાની ઊંચાઇ ગજબની હોય છે. એ આકાશની ધરતીને સ્પર્શ કરે છે. દુન્યવ વાતો માટે પ્રાર્થના કરવી જોઇએ નહીં. પ્રાર્થના તો સર્વશક્તિમાન પ્રભુ પ્રત્યેનો પોકાર, તેના માટેની ચાહના અને સમર્પિતતા છે... ભૌતિક લાભો માટેનો સોદા નથી.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ ગળાના કેન્સરથી પીડાતા હતા. વેદના ભયંકર હતી. એમના એક નિકટના અનુયાયી તર્કચુમડામણિ શશિધરે કહ્યું, "સ્વામીજી! તમારા મનને કેન્દ્રિત કરો અને તેની સિદ્ધિના બળ વડે રોગને આદેશ આપો... એ તમારૂં શરીર છોડી દેશે."

"શશિધરજી! તમે તો મોટા મહાન છો... અને છતાંય મને આવી સલાહ આપો છો! નિત્ય સચ્ચિદાનંદમયી 'મા' ને યાદ કરવામાં જ મારા મન સાથે હું રોકાયેલો હોઉં છું! આ નશ્વર દેહ માટે 'મા' સિવાયની બીજી કોઇ વસ્તુમાં મનને જોડી હું શી રીતે આનંદ પામી શકું?"

પરંતુ શ્રી તર્કચુડામણિને સ્વામીજીના આ જવાબની સંતોષ ન થયો.

"સ્વામીજી!" તેમણે અરજ કરી : "તો પછી તમે 'મા'ને એવો આદેશ આપવા વિનંતી કરો કે રોગ તમારા શરીરને છોડી જાય. તેની કૃપાથી રોગ જરૂર ચાલ્યો જશે."

"હું તે પણ નહીં કરૂં!"

"પરંતુ શા માટે?" એક ભક્તજને પૂછ્યું.

"મા"ને આપણા માટે શું કરવું તેનો આદેશ આપવો યોગ્ય નથી. તે દયાળુ છે અને આપણા વિશે બધું જ જાણે છે. વળી, તે સર્વશક્તિમાન છે. મારા માટે આધ્યાત્મિક ઉર્ધ્વીકરણની પ્રાર્થના કરવાને બદલે તેની સંપૂર્ણ વૈશ્વિક વ્યવસ્થામાં દખલ કરવાની શી જરૂર? તે સિવાય મને આ દુનિયામાં કોઇ પણ વસ્તુ માટે ચાહના નથી.'

... અને પરમહંસે પોતાના શરીરમાંથી રોગને હાંકી કાઢવા 'મા' ને કદીયે પ્રાર્થના કરી નહીં.

પ્રાર્થનામાં જો પરિશ્રમ અને પુરૂષાર્થ ભળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. આ સત્યને મહાનુભઆવો સારી પેઠે સમજે છે. કવિવર શ્રી રવિન્દ્રનાથ ટાગોરે પરમેશ્વરને પ્રાર્થના કરી છે, જેના અંશ આ પ્રમાણે છે..."વિપત્તીમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે. મને તમે ઉગારો - એવી મારી પ્રાર્થના નથી, પણ હું તરી શકું એટલું બાહુબળ મને આપજો." ફિલિપ્સ બ્રુક્સે કહ્યું છે : "પ્રાર્થના સ્વર્ગ પ્રતિ વળેલી ઇચ્છા છે."

હૃદય, મન અને આત્માની સન્નિષ્ઠા દ્વારા થયેલી પ્રાર્થના કદીય વિફળ જતી નથી. તેનો તત્કાળ પુરસ્કાર છે ચારિત્રિક દઢતા અને માણસની પોતાનામાં અને પ્રભુમાં જન્મેલી શ્રદ્ધા.

એક યુવાન દર્દીને સ્ટ્રેચર દ્વારા ઓપરેશન થિયેટરમાં લઇ જવાતો હતો. થિયેટરમાં ઓપરેશનનાં વિવિધ ઓજારો સાથે નર્સો સજ્જ હતી. સહાયક ડોકટરો પણ આવી ગયા હતા. લાઇટો ચાલુ કરવામાં આવી. સર્જન આવ્યા અને સ્ટ્રેચર પર સૂતેલા યુવાન પાસે ગયા. થોડા મૂકીને એમણે લાગણીપૂર્વક કહ્યું, "મારા યુવાન મિત્ર! થોડી પળોમાં તમે તારૂં ઓપરેશન કરીશું. તને ખબર છે કે તારો રોગ કંઇક ગંભીર જ છે. પરંતુ આજનું સમયસરનું ઓપરેશન તારૂં જીવન બચાવી લેશે... મને તો એ વાતની પૂરી ખાતરી છે."

"આભાર, ડોકટર!" દર્દીએ કહ્યું, "તમે અત્યંત દયાળુ છો. હું તમારા હાથોમાં સલામત છું."

"છે જ દીકરા, છે જ! પ્રભુની અપાર કૃપાથી તારૂં કંઇ બગડશે નહીં." ડોકટરે કહ્યું, "પરંતુ મને ભય છે, અમારે તારી જીભનું ઓપરેશન કરવું પડશે. આ ઓપરેશન પછી તું બોલી શકશે નહીં. આથી તું જે બોલવા માંગતો હોય તે હમણાં જ બોલી નાખ..."

યુવાન દર્દી થોડીક ક્ષણો માટે ફિક્કો પડી ગયો. પણ પછી તેણે જાત પર કાબૂ મેળવ્યો. થોડાક સમય માટે આંખ મીંચી રાખી અને ફરી ઉઘાડી.

પછી તેણે ચારે બાજુ જોયું અને પોતાને જ સંભળાય એટલા અવાજે બોલ્યો :

"સર્વશક્તિમાન પ્રભુનો જય થાઓ!" પ્રાર્થના તો પ્રભુ પ્રત્યેનાં સંપૂર્ણ સમર્પણનું દિવ્ય સંગીત છે, આત્માનો ખોરાક છે.

સ્વામી દયાનંદ સરસ્વતીએ પ્રાર્થનાને સુંદર રીતે વ્યાખ્યાચિત કરી છે, "પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઇ જનાર સંદેશવાહક."

ટી.એલ. વાસવાણી પ્રભુની પ્રાર્થના આ શબ્દોમાં કરે છે - "તારા ચરણકમળમાં આ મારી પ્રાર્થના છે : પ્રત્યેક દિને, પ્રત્યેક ઘડીએ તારા સ્વર્ગીય પ્રકાશનું શુદ્ધ કોમળ કિરણ મને બચાવ; નિત્ય નૂતન, ઉજ્જવળ, પ્રકાશિત."

માર્ટિન લ્યૂથર કિંગ કહે છે, "શબ્દ જેટલા ઓછા તેટલા પ્રાર્થના ઉત્તમ."

જહોન રસ્કિનની પ્રાર્થના અંગેની વાત ખૂબ વ્યાવહારિક સ્પર્શ કરાવે છે - "દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસની એક પણ ક્ષણ વ્યર્થ ખોઇએ નહીં."

મારી પણ એક પ્રાર્થના છે -
પ્રત્યેક મનુષ્ય બીજાને માટે જીવે...
પ્રત્યેક પળ સમષ્ટિને સમર્પિત હો...
આપણે સહુ વિરાટનાં અંશ બનીને વિરાટમાં ભળી જઇએ!